*ISSN* 2250 – 0391
યુજીસી માન્ય સામયિક યાદી, ક્રમાંક ૪૦૭૬૨

# स्वाध्याय

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

પુસ્તક ૫૩ : અંક ૧-૪

સંપાદક
**શ્વેતા પ્રજાપતિ**

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्
Estd. 1949

**પ્રાચ્યવિદ્યામંદિર**
**મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા**



**Scanned with CamScanner**

# સ્વાધ્યાય

(વસંતપંચમી, અક્ષયતૃતીયા, જન્માષ્ટમી અને દીપોત્સવી)
વિ. સં. ૨૦૭૩

પુસ્તક ૫૩ : અંક ૧ - ૪
ફેબ્રુઆરી - નવેમ્બર ૨૦૧૬

## અ નુ ક્ર મ ણિ કા


૦૧. વિષ્ણુપુરાણમાં પ્રહ્લાદચરિત્રની સમીક્ષા - મનસુખ કે. મોલિયા ૦૧-૦૮

૦૨. પુરાણમાં પ્રતિબિંબિત પારિવારિક જીવન - ગીતા બોરીચા ૦૯-૧૬

૦૩. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા (અ. ૧ થી ૩) ના આધારે અર્જુનનું ચરિત્રચિત્રણ - સાધુ બ્રહ્મસેતુદાસ ૧૭-૨૫

૦૪. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા અને મેનેજમેન્ટ - મીના પાઠક ૨૭-૩૩

૦૫. ભામહની દૃષ્ટિએ વ્યાકરણશુદ્ધ શબ્દપ્રયોગો - યોગિની એચ. વ્યાસ ૩૫-૪૧

૦૬. રાજશેખરની દૃષ્ટિએ આદર્શ કાવ્યપાઠ - વિજયા શ્રીકૃષ્ણ લેલે ૪૩-૫૦

૦૭. કવિશ્રી રામચન્દ્રકૃત રસિકરઞ્જનમ્ માં ચમત્કૃતિ - સુરેખા કે. પટેલ ૫૧-૫૮

૦૮. પ્રાચ્યવિદ્યામંદિરની મરાઠી હસ્તપ્રતો - એક પરિચય - નેહા સહસ્ત્રભોજની ૫૯-૭૩

૦૯. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ચારણી સાહિત્ય હસ્તપ્રત ભંડાર - પરિચય અને પ્રદાન - ભરત પંડ્યા ૭૫-૭૯

૧૦. શામળકૃત નંદબત્રીસી - પાઠનિર્ધારણની સમસ્યાઓ - કૌશી મ. ચાવડા ૮૧-૯૫

૧૧. દેશી ભાષાઓ તેમજ સાહિત્ય સંબંધી સર સયાજીરાવની વિચારણા અને કાર્ય - મહેશ ચંપકલાલ ૯૭-૧૦૪

૧૨. શ્રીમંત સયાજીરાવની દલિતવિષયક વિચારણા - જે. કે. ઉમરેઠિયા ૧૦૫-૧૦૮

૧૩. એકવીસમી સદીનાં આધુનિક સંસ્કૃત મહાકાવ્યો - એક દૃષ્ટિ - વિપુલ એચ. પટેલ ૧૦૯-૧૧૬

૧૪. અભિરાજ રાજેન્દ્રમિશ્રકૃત કાન્તારકથા - સંસ્કૃત બાળસાહિત્યની વિશિષ્ટ કૃતિ - હર્ષલ ભટ્ટ ૧૧૭-૧૨૪

૧૫. કઠોપનિષદમાં આત્માનું સ્વરૂપ - બી. જી. પટેલ ૧૨૫-૧૨૯

૧૬. વાઘેલાકાલીન લેખનકળા-(અભિલેખો) - નવીનચન્દ્ર આચાર્ય ૧૩૧-૧૩૯

૧૭. ગ્રંથાવલોકન અને સાભાર સ્વીકાર ૧૪૧-૧૫૦


Scanned with CamScanner

# કવિશ્રી રામચન્દ્રકૃત 'रसिकरञ्जनम्' માં ચમત્કૃતિ

સુરેખા કે. પટેલ*

'કાવ્યમાલા' સિરીઝના ચતુર્થ ગુચ્છકમાં પ્રકાશિત થયેલી 'रसिकरञ्जनम्' (सटीक) કૃતિ કુલ ૧૩૦ પદ્યોમાં કવિ રામચન્દ્રએ રચી છે. 'रसिकरञ्जनम्' કાવ્યના રચયિતા કવિશ્રી રામચન્દ્ર અયોધ્યાના નિવાસી લક્ષ્મણભટ્ટના પુત્ર હતા. 'रसिकरञ्जनम्' કૃતિની રચના કવિએ ૧૫૨૪માં કરી છે, તેવું કવિના કથનને આધારે જાણી શકાય છે. આ પુસ્તકની પ્રત વિ.સં. ૧૭૦૩માં પ્રાપ્ત થઈ. તેનું આ સંપાદન કરવામાં આવ્યું છે. આ કૃતિ ઉપરાંત કવિએ 'रोमावलीशतकम्' નામનું એક અન્ય કાવ્ય રચ્યું છે. પરંતુ તે હાલમાં અપ્રાપ્ય છે.[1]

'रसिकरञ्जनम्' કાવ્યની સમાપ્તિમાં કવિ કહે છે-અયોધ્યા નગરીમાં ૧૫૮૦માં રામચન્દ્રે શ્રૃઙ્ગાર અને વૈરાગ્યનાં ૧૨૫ પદ્યો રચ્યાં હતાં. શ્રી રામચન્દ્ર કવિએ વૈરાગ્યના બીજવાળું આ કાવ્ય રચ્યું છે. અહીં, રસિકોને માટે શ્રૃઙ્ગારનો અર્થ પણ રતિ માટે સંગૃહીત કરવામાં આવ્યો છે.[2]

'रसिकरञ्जनम्' કાવ્યમાં કુલ ૧૩૦ પદ્યો છે. આ કાવ્ય શતક પરંપરાનું એક વિશિષ્ટ કાવ્ય છે. આ કાવ્યના દરેક પદ્યનો શ્રૃઙ્ગારપરક અને વૈરાગ્યપરક અર્થ એમ બંને પ્રકારના અર્થો નીકળે છે, તેથી કવિની આ કાવ્યરચના વિશિષ્ટ પ્રકારની કહી શકાય કારણ કે શ્રૃઙ્ગારપરક અને વૈરાગ્યપરક આ બંને અર્થ પરસ્પર વિરોધી બાબતો છે.

---

'સ્વાધ્યાય' - પુ. ૫૩, અંક ૧-૪, વસંતપંચમી, અક્ષયતૃતીયા, જન્માષ્ટમી અને દીપોત્સવી અંક, ફેબ્રુઆરી-નવેમ્બર ૨૦૧૫, પૃ. ૫૧-૫૮. ISSN 2250-0391 યુ.જી.સી. માન્ય સામયિકયાદી, ક્રમાંક ૪૦૭૬૨

* સંસ્કૃત વિભાગ, જે. ડી. મોદી આર્ટસ્ કોલેજ, પાલનપુર

१. वैराग्यशृङ्गारार्थद्वयसमानं सटीकमेतत्काव्यमयोध्यानगरे लक्ष्मणभट्ट-सुतो रामचन्द्रकविः १५२४ मिते ख्रिस्तसंवत्सरे प्रणिनायेति ग्रन्थ समाप्तितो ज्ञायते एतत्पुस्तकं चास्माभिः १७०३ मितविक्रमसंवत्सरे लिखितमधिगतम् एतत्कवि प्रणीतं रोमावली शतकमप्युपलभ्यते । (काव्यमाला - चतुर्थगुच्छकः, तृतीयसंस्करणम् पाण्डुरङ्गात्मजकाशिनाथशर्मणा संशोधित, मुम्बई, शाकः १८५९, ख्रिस्ताब्दः १९३७, पृ. ९६-१४९)

२. शृङ्गार वैराग्य शतं ... ... ... ... ... व्यधत्त ।

अब्दे वियद्वारण ... ... ... ... ... तस्य टीकाम् ।

श्रीरामचन्द्रकविना ... ... ... ... ... संगृहीतोऽत्र ॥

रामचद्रकविविरचितं रसिकरञ्जनम्, 'काव्यमाला', चतुर्थगुच्छकः, प्रकाशक : पाण्डुरङ्गजावजी, निर्णयनगर प्रेस, बम्बई, संस्करण, - तृतीय, १९३७, पृ. ९-१४९

Scanned with CamScanner